**ફોજદારી કેસ નં.                /૨૦**

# આંક–૧ (ચાર્જશીટ) લગત હુકમ .

આજરોજ વિધ્વાન એ.પી.પી.શ્રીની રજુઆત છે કે, મે. જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, સુરતનાઓના પત્ર ક્રમાંક નં.એમએજી/ડોરમન્ટ કેસ/વશી. ૨૪૦૮/૨૦૨૩, તા.૦૧–૧૨–૨૦૨૩ ના રોજ સદર કેસ પરત ખેંચવા સારુ હુકમ કરવામાં આવેલ છે.

આ કામના આરોપી ઘણાં લાંબા સમયથી મળી આવતા ન હોય, તેમજ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ – ૩૨૧ ધ્યાને લેતા તથા મે. જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, સુરતનાઓના ઉપરોકત પત્ર અન્વયે આજરોજ એ.પી.પી.શ્રી વી. જી. પટેલનાઓએ સદરહું કેસ પરત ખેંચવા પુરસીસ રજુ કરેલ છે, જે રકર્ડ કરી કેસ પરત ખેંચવા પરવાનગી આપી અને સદરહું કેસને ફેંસલ કરવાનો તથા આ કામના આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ વિદેશી/દેશી દારુનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો તથા રોકડ રકમ નિયમ મુજબ સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે. સદર કામે જો કોઈ મુદ્દામાલ વાહન અથવા મોબાઈલ કબજે કરેલ હોય અને તે અંગે કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે. વિકલ્પે વાહનના સાચા માલિકની ખરાઈ કરી વાહન મુળ માલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૦૯ મી ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ સ્પે. સીટીંગ લોકઅદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**સ્થળ : સુરત.**
**તા.૦૯–૧૨–૨૦૨૩**

**(વી. ડી. દવે.)**
**આઠમાં અધિક સિવિલ જજ અને**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ, સુરત.**
**જજ કોડ નં.જીજે–૦૧૬૪૬.**